**પ્રેસ પ્રકાશન**

## ભારતીય રિઝર્વ બેન્ક

સંચાર વિભાગ , સેન્ટ્રલ ઓફિસ, એસ.બી.એસ.માર્ગ, મુંબઈ -400001
ફોન: 91 - 22 2266 0502 ફેક્સ: 91 - 22 2266 0358

વેબસાઈટ: www.rbi.org.in
ઈમેઈલ: helpdoc@rbi.org.in

૨૬ સપ્ટેમ્બર ૨૦૧૭

**બેંકિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 (સહકારી મંડળીઓ પર લાગુ મુજબ) ની કલમ 35 –A હેઠળ નિર્દેશો -**

**ધી આરએસ કો-ઓપરેટીવ બેન્ક લિમિટેડ, મુંબઈ, મહારાષ્ટ્ર**

૨૪ જૂન ૨૦૧૫ના આદેશથી ધી આર એસ કો-ઓપરેટીવ બેંક લિમિટેડ, મુંબઈ, મહારાષ્ટ્ર, ને ૨૬ જૂન, ૨૦૧૫ નાં રોજ કારોબાર ની સમાપ્તિ થી નિર્દેશો હેઠળ મુકવામાં આવેલ હતી. નિર્દેશો ની માન્યતા સમયાંતરે, છેલ્લે ૨૦ માર્ચ ૨૦૧૭ નાં રોજ, વિસ્તૃત અને સંશોધિત કરવામાં આવી હતી અને ૨૫ સપ્ટેમ્બર ૨૦૧૭ સુધી ,સમીક્ષા હેઠળ માન્ય હતી.

આથી જનતાની માહિતી માટે સૂચિત કરવામાં આવે છે કે ધી આર એસ કો-ઓપરેટીવ બેંક લિમિટેડ, મુંબઈ, મહારાષ્ટ્ર, ને તા. ૨૪ જૂન ૨૦૧૫ નાં રોજ જે નિર્દેશો જારી કર્યા અને સમયાંતરે સંશોધિત કર્યા હતા તેને ૨૦ સપ્ટેમ્બર ૨૦૧૭ નાં આદેશ અનુસાર ૨૬ સપ્ટેમ્બર ૨૦૧૭ થી ૨૫ જાન્યુઆરી ૨૦૧૮ સુધી, એટલે કે વધુ ચાર મહિના સુધી લંબાવવામાં આવેલ છે જે સમીક્ષા ને આધીન હશે.

ઉપરોક્ત સમય મર્યાદામાં વધારો સૂચિત કરતી તા.૨૦ સપ્ટેમ્બર ૨૦૧૭ના નિર્દેશની એક નકલ જાહેર જનતાના અવલોકન માટે બેંકના પરિસરમાં દર્શાવવામાં આવેલ છે. ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા લાદવામાં આવેલ ઉપરોક્ત સુધારાનું આપમેળે એવું અર્થઘટન ન થવું જોઈએ કે બેન્કની નાણાકીય સ્થિતિમાં નોંધપાત્ર સુધારણાથી ભારતીય રિઝર્વ બેન્ક સંતુષ્ટ છે.

**અજિત પ્રસાદ**
મદદનીશ સલાહકાર

**પ્રેસ પ્રકાશન: 2017-2018/840**